GJVD150016142025

Presented on : 25-09-2025
Registered on : 25-09-2025
Decided on : 12-08-2026
Duration : 0 years, 10 months, 17 days

**મે. મજુર અદાલત,વડોદરા ખાતેના પ્રમુખ અધિકારીશ્રી સમક્ષ.**

**રીકવરી (સી–ર) અરજી નંબર : ૨૨૨/૨૦૨૫**

**આંક–૦૯**

**અરજદાર** :–હિતેષભાઈ ધીરૂભાઇ સોલંકી
મુ પો.ડભાસા,તા. પાદરા,જી.વડોદરા.
C/O મકરપુરા જી.આઈ.ડી.સી.એમ્પ.યુનિયન,
એસ–૧, દેવકીનંદન કોમ્પેક્ષ મકરપુરા રોડ,વડોદરા.

**વિરૂઘ્ઘ**

**સામાવાળા** :–એપોથીકોન ફાર્માસ્યુટીકલ્સ પ્રા.લી
પ્લોટ નં. ૧૧૩૪–૧૧૩૭, ૧૧૩૮–એ એન્ડ બી,
૧૧૪૪–બી,૧૧૪૪–એ એન્ડ બી, પાદરા– જંબુસર
હાઇવે . મુ.પો.ડભાસા,તા.પાદરા,જી.વડોદરા.

**હાજર રહયા :** અરજદાર તરફે વિ.વકીલ શ્રી નઈમ શેખ
સામાવાળા તરફે વિ.યુ.પ્ર.શ્રી પીયુશ દણાંક

## :: હુકમ ::

(૧) અરજદારે હાલની અરજી આઈ. ડી. એકટની કલમ–૩૩(સી)(૨) હેઠળ હાલ અરજી દાખલ કરેલ છે.અરજીની વિગત એવી છે કે, અરજદાર સામાવાળા સંસ્થા એપોથીકોન ફાર્માસ્યુટીકલ્સ પ્રા.લીમાં ડભાાસા તા. પાદરા જી.વડોદરા માં તા.૧/૪/૨૦૧૧ નાં વર્ષ થી નોકરીમાં જોડાયેલા લેબ આસીસ્ટન તરીકે કામ કરતા હતા સામાવાળા અરજદારને છેલ્લે દૈનીક રૂ.૩૨૪.૨૦ પૈસા પ્રમાણે ચુકવતા હતાં.સામાવાળા અરજદારને તા.૩૦/૧૧/૨૦૨૦ની થી ગેરકાયદેસર નોકરીમાંથી બરતરફ કરતા રેફ.આઈ.ટી નં.૧૨/૨૦૨૦ પડતર હોવા છતાં પરવાનગી/એપ્રુવલ મેળવ્યા વગર નોકરી ની શરતોમાં ગેરકાયદેસર ફેરફાર કરતા પડેલા દિવસોના પગાર સહીત નોકરીની સળંગતા સાથે નોકરીમાં પુન:સ્થાપિત થવાનો ઔધોગીક વિવાદ ઉપસ્થીત કરેલ. નામદાર ઔધૌગીક અદાલત સમક્ષ ફરીયાદ આઈ.ટી નં.૨૩૨/૨૦૨૦ થી કરેલ જેની સુનાવણી હાથ ધરેલ સદર કેસમાં પડેલા દિવસોનાં પુરેપુરા પગાર તથા આનુસંગીક લાભો સહીત સંળગ નોકરી ગણી નોકરીમાં પુન:સ્થાપિત કરવા તેમજ ફરીયાદ અરજનાં ખર્ચના ૫,૦૦૦/ચુકવવા હુકમ કરેલ સદર એવોર્ડ નાયબશ્રમ આયુકતશ્રી ની કચેરીના તા.૦૬/૦૪/૨૦૨૪ નાં જાહેરનામાં હેઠળ પક્ષકારોને મોકલી આપેલ સદર એવોર્ડ નામદાર અદાલતે તા. ૦૬/૦૪/૨૦૨૪ નાં રોજ નોટીશ બોર્ડ ઉપર પ્રસીધ્ધ કરી તેની જાણ પક્ષકારો ને કરેલ.ફરીયાદ આઈ.ટી કેસ નં.૨૩૨/૨૦૨૦ નાં કામે થયેલ એવોર્ડ મુજબ નોકરી માં અરજદારને રાખેલ નહી કે એવોર્ડ નો અમલ કરેલ નથી તેમજ એવોર્ડ નો અમલ કરવા યુનિયન મારફતે લેખીતપત્ર ધ્વારા

માંગણી કરેલ સદર પત્ર રજી.એ.ડી ધ્વારા મોકલેલ જે મળવા છતાં અરજદાર ને નોકરી માં પુન:સ્થાપિત કરેલા નથી.સામાવાળા પાસે અરજદારની ફરીયાદ (આઈ.ટી) કેસ નં,૨૩૨/૨૦૨૦ના કામે થયેલ એવોર્ડ મુજબ પ્રસ્થાપિત હકકનાં ધોરણે એવોર્ડ મુજબ એવોર્ડ પ્રસીધ્ધ થયે દિન ૩૦ માં અમલ કરવાનો હતો. તેમ છતા અમલ કરેલ નથી તા.૦૧/૧૨/૨૦૨૦થી ઓગષ્ટ ૨૦૨૫ સુધીનો ૧૦૦ % લેખે પગારની રકમ તથા બોનસ રૂા.૬,૬૮,૨૭૯.૨૦પૈસા સામાવાળા એ ચુકવેલ નથી એવોર્ડ મુજબ ખર્ચ ની રકમ રૂા.૫૦૦૦/- ચુકવેલ નથી પ્રસ્થાપિત હકક નાં ધોરણે બાકી લેણી પડે છે જે વસુલ મેળવવા અરજ કરેલ છે.સામાવાળા એ સદર એવોર્ડ ને નામદાર ગુજરાત હાઇકોર્ટમાં પડકારેલ છે પરંતુ સદર એવોર્ડ સામે કોઈ મનાઇ હુકમ આપેલ નથી તેમજ અરજદારને નોકરીમાં પુન:સ્થાપિત કરેલા નથી. આમ,સામાવાળા પાસે ફરીયાદ (આઈ.ટી) કેસ નં-૨૩૨/૨૦૨૦નાં કામે થયેલ એવોર્ડ મુજબની કુલ લેણી રકમ રૂા.૬,૭૩,૨૭૪.૬૦ પૈસા બાકી પડતી હોય જે ૧૮% ટકા વ્યાજ સહીત વસુલ મેળવવા અને અરજીના ખર્ચના રૂા.૫૦૦૦/-મેળવવા હાલની અરજ કરેલ છે.

(૨) સામાવાળા તરફે આંક-૫થી જવાબ રજુ કરેલ છે જેમાં જણાવે છે કે, હાલની અરજી કાયદેસર રીતે ચલાવવા યોગ્ય નથી, કારણ કે રેફરન્સ આઇ.ટી નં.૨૩૨/૨૦૨૦ ને ગુજરાત હાઈકોર્ટ સમક્ષ પડકારવામાં આવેલ છે. આ અંગે સ્પેશીયલ સિવિલ એપ્લીકેશન નં-૧૦૭૫૮/૨૦૨૪ દાખલ કરવામાં આવેલ છે.સ્પેશીયલ સિવિલ એપ્લીકેશન હાલમાં સક્રિય સુનાવણી હેઠળ છે.વિરોધી પક્ષના એડવોકેટ કામદાર તરફથી

પણ હાજર રહ્યા છે. આ બાબત વારંવાર સુનાવણી માટે મુકવામાં આવી છે અને છેલ્લી સુનાવણી તા.૧૨/૦૯/૨૦૨૫ ના રોજ થઈ હતી. સંબંધિત કામદાર પણ પોતાના એડવોકેટ મારફતે ઉપરોક્ત સ્પેશીયલ સિવિલ એપ્લીકેશનમાં હાજર રહ્યા છે અને હાઈકોર્ટ સમક્ષની તમામ કાર્યવાહી દરમિયાન અરજદાર કામદાર તરફથી પોતાનો પક્ષ રજૂ કર્યો છે. આ મામલો હાઈકોર્ટ સમક્ષ તા.૨૫/૧૧/૨૦૨૫ ના રોજ સુનાવણી માટે નિર્ધારિત કરવામાં આવેલ છે.ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સ્પેશીયલ સિવિલ એપ્લીકેશન નં-૧૦૭૫૮/૨૦૨૪ માં વિવાદ પેન્ડિંગ હોવાથી,હાલની રીકવરી અરજીને હાલ પૂરતી અબેયન્સ માં રાખવામાં આવે અથવા વૈકલ્પિક રીતે ઉપરોક્ત કાનૂની રજૂઆતના આધારે નામંજુર થવાને પાત્ર છે.

(૩) અરજદાર તથા સામાવાળા તરફથી તેમની અરજીની હકીકતો સાબિત કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**:: અરજદારના મૌખિક પુરાવા::**

| અનું | વિગત | આંક |
|---|---|---|
| ૧. | અરજદાર શ્રી હિતેષભાઈ ધીરૂભાઇ સોલંકી નું સોગંદનામુ | ૬ |

**:: અરજદારના લેખીત પુરાવા::**

| અનું | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ(આઈ.ટી)નં-૨૩૨/૨૦૨૦અને રેફરન્સ (આઈ.ટી) નં.૧૨/૨૦૨૦ માં સંયુકત હુકમ | ૨/૧ |

આ કામના સામાવાળા તરફે કોઈ મૌખિક કે લેખીત કે દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ નથી.

(૪) અરજદાર તરફે આંક–૭થી કલોઝિંગ પુરસીસ રજુ કરેલ છે. સામાવાળા તરફે આંક–૮થી કલોઝિંગ પુરસીસ રજુ કરેલ છે.

(૫) આ કામે રેકર્ડ ઉપરની હકીકતે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા તેમજ દલીલો ઘ્યાને લેતાં આ અરજીના ન્યાયનિર્ણય અર્થે નીચે મુજબના મુદૃા ઉપસ્થિત થાય છે.

**:: મુદૃાઓ ::**

**૧.** શું અરજદારો સાબિત કરે છે કે, તેઓ સામાવાળા પાસે થી અરજીમાં જણાવેલ રકમ મેળવવા હકકદાર છે ?

**૨.** શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**:: જવાબ ::**

(૧) અંશતઃહકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત મુદૃાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે. ફરીયાદ(આઈ.ટી)નં–૨૩૨/૨૦૨૦ અને રેફરન્સ (આઈ.ટી) નં.૧૨/૨૦૨૦ માં સંયુકત હુકમ નીચે મુજબનો કરવામા આવેલ

*–: હુકમ :–*

*(૧) ફરીયાદીની ફરીયાદ (આઈ.ટી.) નં.૨૩૨/૨૦૨૦ મંજૂર કરવામાં આવે છે.*

*(૨) સામાવાળાને હુકમ કરવામાં આવે છે કે, તેઓએ આ ચુકાદો પ્રસિધ્ધ થયેથી દિન–૩૦ માં ફરીયાદીશ્રી પિયુષભાઈ ભારદવાજ ભટ્ટને પડેલા દિવસોનાં પૂરા પગાર તથા અન્ય તમામ આનુસંગિક લાભો સહિત સળંગ નોકરી ગણી મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા.*

*(૩) સામાવાળાએ આ અરજીના ખર્ચ પેટે રૂ.૫૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પૂરા) ફરીયાદીને ચૂકવી આપવા.*

*તા.૧૮/૩/૨૦૨૪*
*સ્થળઃ વડોદરા*

*(અશ્વિનકુમાર અનિલકુમાર દવે)*
*જજ કોડ : જીજે ૦૦૭૭૬*
*પ્રમુખ અધિકારી,*
*ઔદ્યોગિક ન્યાયપંચ, વડોદરા.*

**૩૩–સી. માલિક પાસે લેણી રકમની વસૂલાત :**

(૨) કોઈ કામદાર, માલિક પાસેથી કંઈ રકમ અથવા નાણામાં ગણતરી કરી શકાય એવો કોઈ લાભ મેળવવા હકદાર હોય, ત્યારે લેણી રકમ અંગે અથવા ગણતરી કરતાં થતી એવા લાભની રકમ અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય, તો તે પ્રશ્નનો નિર્ણય, સમુચિત સરકાર આ માટે નિર્દિષ્ટ કરે તો મજૂર કોર્ટ આ અધિનિયમ હેઠળ કરવામાં આવે તે નિયમોને અધીન રહીને ત્રણ મહિના કરતાં વધુ ન હોય તેટલી મુદતની અંદર કરી શકશે.

પરંતુ મજૂર કોર્ટના પ્રમુખ અધિકારી તેમ કરવું જરૂરી અને ઈષ્ટ ગણે ત્યારે, તે લેખિત કારણોની નોંધ કરીને પોતે યોગ્ય ગણે તેટલી વધુ મુદત સુધી આવી મુદત લંબાવી શકશે.

હાલની અરજીના કામે અરજદારે આંક–૬થી પુરાવાનુ સોગંદનામુ રજુ કરેલ છે. જેની ઉલટ તપાસમાં અરજદાર જણાવે છે કે, *"એ વાત ખરી છે કે,મજુર અદાલતના સદર હુકમને હાઈકોર્ટમાં પડકારેલ છે એ વાત ખરી છે કે, અમો હાઈકોર્ટમાં અમારા વકીલ મારફતે હાજર થયેલ છે અને પીટીશનનો જવાબ આપેલ છે. એ વાત ખરી છે કે,સદર પીટીશન હાલ સુનાવણી માટે પડતર છે. એ વાત ખરી છે કે, સદર વિવાદ અંગે હાઈકોર્ટમાં પીટીશન પડતર હોય તેથી હુકમ અંગે કાર્યવાહી કરેલ નથી."*

**પક્ષકારો તરફેની દલીલો :–**

અરજદારના પ્રતિનિધીશ્રીની મુખ્ય દલીલ એવી છે કે, મુળ રેફરન્સ કેસમાં નામદાર અદાલતે અરજદારની તરફેણમાં હુકમ કરેલ હોવા છતાં સામાવાળાએ તેનુ પાલન કરેલ નથી.તેથી અરજદાર ઘણા લાં બા સમયથી ન્યાયથી વંચીત છે. જેથી માગ્યા મુજબની દાદ મંજુર કરવા અરજ કરેલ છે.

સામાવાળા તરફે મુખ્ય દલીલ એવી છે કે, તેઓએ મુળ રેફરન્સના ચુકાદાને નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશીયલ સિવિલ એપ્લીકેશન નં–૧૦૭૫૮/૨૦૨૪થી પડકારેલ છે જેનો ન્યાય નિર્ણય હજી સુધી થયેલ નથી.જેથી હાલના તબકકે હાલની અરજીનો ન્યાય નિર્ણય કરી શકાય નહિ ,વધુમાં જો હાલની અરજીનો નિર્ણય કરવામાં આવશે તો નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પેન્ડીંગ રહેલ સ્પેશીયલ સિવિલ એપ્લીકેશન નં–૧૦૭૫૮/૨૦૨૪ નિરર્થક(Infructus)બની જશે જેથી હાલની અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

પક્ષકારો વચ્ચેનો વિવાદ હાલમાં નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ન્યાય નિર્ણય માટે પેન્ડીંગ છે તે બાબતે કોઈ વિવાદ નથી.નામદાર ગુજરાત હાઈકોર્ટની વેબસાઈટ તપાસતા સ્પેશીયલ સિવિલ એપ્લીકેશન નં–૧૦૭૫૮/૨૦૨૪ હાલમાં પેન્ડીંગ જણાય આવે છે. તેમજ નામદાર

હાઈકોર્ટ દ્વારા એકઝીકયુશન બાબતે કોઈ સ્ટે આપેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. તા–૦૨/૦૨/૨૦૨૬ના રોજ નીચે મુજબનો હુકમ થયેલ છે.

When the matter is called out twice, Mr.Chauhan, learned counsel for the petitioner is not remained present nor any request is made on his behalf for an adjournment. Hence, in the interest of justice and as a last chance, th matteris adjourned to 7.4.2026

હાલની અરજીનો નિર્ણય કરતી વખતે નામદાર સુપ્રિમ કોર્ટના નીચે જણાવેલ ચુકાદા વંચાણે લેવા ન્યાયોચિત્ત જણાય છે.

PRADEEP MEHRA V/S. HARIJIVAN J. JETHVA [2023(0)AIJEL–SC–72721] ના ચુકાદામાં નામદાર એપેક્ષ કોર્ટે ઠેરવેલ છે કે,

The Executing court's role is confined to enforcing the decree. Its function is not to question the decree but to enforce it,the executing court is bound by the decree and cannot go behind it. Its validity cannot be questioned, unless the decree is a nullity ab initio (e.g., passed by a court lacking in herent jurisdiction). This principle explains that, by default, a decree presented to the executing court is meant to be executed,not debated.

"An appeal shall not operate as a stay of proceedings under a decree or order appealed from...nor shall execution of a decree be stayed by reason only of an appeal having been preferredfrom the decree..."

વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટના **Ajit Singh(deceased) Thr. Lrs. VS Padma Bhandari (deceased) Thr. Lrs., (SLP NO-949/2022)**માં ઠેરવેલ છે કે,

Justice, delayed in execution, is justice denied. delay in execution proceedings should be avoided.Therefore, any executing court that defers proceedings only on the basis of a pending appeal is acting contrary to statute and settled Supreme Court precedent.

આમ,નામદાર સુપ્રિમ કોર્ટના ઉપરોકત ચુકાદા વંચાણે લેતા તેમજ નામદાર ગુજરાત હાઇકોર્ટ સમક્ષ પક્ષકારો વચ્ચેની સ્પેશિયલ સિવિલ એપ્લીકેશન નં–૧૦૭૫૮/૨૦૨૪ પેન્ડીંગ હોવાની હકિકત ધ્યાને લેતા નામદાર ગુજરાત હાઇકોર્ટનો જે હુકમ થાય તેના અનુસંધાને યોગ્ય શરતોને આધીન અરજદારની અરજી અંશત:મંજુર કરવી ન્યાયોચીત જણાય છે.

મુદા નં –૧નો જવાબ હકારમાં હોય, મુદા ન–૨ નો જવાબ આખરી હુકમ મુજબ આપવામાં આવે છે.

## –::આખરી હુકમ ::–

(૧)અરજદારની હાલની અરજી મંજુર કરવામાં આવે છે

(૨) સામાવાળાને હુકમ કરવામાં આવે છે કે, કુલ રૂા.૬,૭૩,૨૭૪/– (અંકે રૂપીયા છ લાખ તોતેર હજાર બસો ચુમોતેર)હુકમ થયાના દિન–૩૦માં અત્રેની અદાલતમાં જમાં કરાવવા.

(૩) આ કામના સામાવાળાએ અરજદારને કાનુની ખર્ચ પેટે રૂ.૫૦૦૦ /– અલગથી ચુકવી આપવા.

(૪) અધીક્ષકને હુકમ કરવામાં આવે છે કે,અદાલતમાં જમા થયેલ રકમની રાષ્ટ્રીયકૃત બેન્કમાં ફીકસ ડીપોઝીટ કરાવવી.

(૫) વધુમા હુકમ કરવામાં આવે છે કે આ કામના સામાવાળા દવારા જમા કરવામાં આવેલ રકમની ચુકવણી નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્પેશિયલ સિવિલ એપ્લીકેશન નં–૧૦૭૫૮/૨૦૨૪ના હુકમ અનુસાર કરવાની રહેશે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો .

**(સંજયકુમાર સુમંતપ્રસાદ જાની )**

**તા–૧૨/૦૮/૨૦૨૬** **જી. જે.૦૧૧૮૭**

(ઉર્વિશા પી.વાળા–સ્ટેનો) **સિનીયર સિવિલ જજ**

**લેબર કોર્ટ નં–૨,વડોદરા.**